## મારી કલમે

# “સુરત શહેર”

રોજ એક ઉત્સાહથી જાગતું, હોંશથી ભાગતું ને સ્વાર્થને ત્યાગતું સુરત,
સથવારો માંગતું, ડાયમંડનો ડંકો વગાડતું, ને સેવાને રોપતું મારું સુરત.
Ankita Mulani

નીરાંત માટે ઝડપથી ભાગતું સુરત અને સૂતું પણ જાગતું સુરત
આમ અલગ અલગ, છતાં એક જ સુરતમાં બધી "સૂરત" સમાવતું
"સુરત"
Paragkumar Madhubhai Kanpariya

જ્યાં જામે ગરબાની રમઝટ,
એવું મારું શહેર સુરત...
લોચો, ઘારી, ઊંધિયું, ફ્લાઇ ઓવર,
હા વ્હાલા - એ જ મારું શહેર સુરત.....
Surajkumar Ashokbhai Nayee

મારા સૂરત નો શિયાળો એટલે
ગાલ પર ગલગલિયા કરતો તડકા નો તપારો ,
તાપી કિનારે દેખાતો ધુમ્મસ નો નજારો,
લોચા અને પોક વડા ને મળતો પ્રેમ નિરાલો,
ડુમ્મસ ની ટામેટા પૂરી માટે સ્નેહ હુંફાળો
ફુલ ગુલાબી ઠંડી મા સ્વેટર નો સાથ સુનેરો
એવો મારા સૂરત નો શિયાળો ..
Devangi joshi

## મારી કલમે

# “સુરત શહેર”

ભરવા દો એમને નદી , સરોવર કે દરિયા
અમે તો સુરતી છિએ, અશ્રુથી
આખો ઉકાઇ ડેમ ભરીશુ.
ઉપરથી ઉપરવાસ મા વરસાદ કરાવી
એ ખારા પાણી ના અમુલ્ય પુરવઠા નો
આ રીતે આજીવન સગ્રહ કરિશુ ।
Devangi joshi

કામણગારી આ નગરી, માતા તાપીના ખોળે વસેલી,
વાણિજ્ય જેનું ઘરેણું, એમ કુદરતનું જાણે ભવ્ય નજરાણું.
મહાસાગર વહાલ ભરેલો હાથ જાણે એક આશીર્વાદ,
ભારે ભોજન અને હળવું જીવન એક સુરતીઓ નો નાદ.
Nikunj Sondagar

ભલે ને રહ્યુ સુરત શહેર નું કાચુ રે સોનું,
પણ અમે તો જોઈ પાક્કિ ત્યાની બાઈયું...
Sindhav akshays

"તાપી કિનારે વસેલુ Diamond city પતંગ ની દોર,
ખાવાનાં શોખીનો, હીરા અને ટેક્ષટાઈલ ની સાથે મોખરે છે
જે સ્વચ્છતા માં એવી છે નર્મદ ની જન્મભૂમિ.."
Krupali Chaklasiya

# મારી કલમે

# “સુરત શહેર”

આફતો વારંવાર વર્તાવે છે કાળો કહેર
છતાં સુરતીલાલાને કાયમ લીલા લહેર
કાપડ - હીરા ઉધોગની છે અહીં મહેર
બસ એટલે જ લહેર એટલે સુરત શહેર
Vipulbhai Sindhav

"સુરત શહેર
કેવુ છે સુરત શહેર ને સુરત શહેર ના લોકો...
જેના પર છે તાપી માતા ની મહેર...!
આના જેવી બીજે ક્યાંય નહી આવે લહેર...!
આવુ છે આપનુ સુરત શહેર...!

જેની ગલિયો ગલિયો મા છે અવનવી વાનગીઓ ની મહેક...!
ને દરેક સુરતી ના દિલ માં વાહે છે ખમણ લોચા ની નહેર...!!

એકાદ લટાર મારવા નિકલો તો દરેક સ્થળે તમને લાંબી કતાર...!
ને વાર તાહેવર માં તો જોવા મલે નહિ કોઈ ખાલીલી બજાર...!!

મોજીલા માણસો ની આ દુનિયા આને સાથે શોખીનો ની બોલબલા છે...!!
સુખિયા - દુઃખિયા હર કોઈ નો ઠાઠ (ઠાઠ) એ આપણા સુરતીલાલા છે...!!
એ આપણા સુરતી લાલા છે...!!!

સુરત ની "સુરત" "જ અનેરી છે...
ના જોયુ હોય તો જોય લો એની વાત જ જુદેરી છે...!!!
Nisha Parmar

# મારી કલમે

# “સુરત શહેર”

સુરત એટલે હુરટી લાલા ઓનું હીરા અને કાપડ નું મક્કા ,
કાઠીયાવાડીઓ નું કેનેડા,
પુલો ની વણજાર,
આલુપૂરી,લોચો,ઘારી,
અને ડુમસ ના ટામેટા ભજીયા.
હુરટ એટલે સમય સાથે બદલાયેલી તાસીર નુ સુરત
પરંતુ અસલ હુરટી ઓનો મિજાજ હજુપણ અકબંધ છે.
PRITI Rathod

એક શમણું ધબકતા હૈયાનું,
તાપી રૂપી રક્ત વહેતું રહેવાનું,
સ્વચ્છતા માં હંમેશા અવ્વલ રહેવાનું,
અવનવું અને ચટપટું જમતા રહેવાનું,
એવું મારું સુરત શહેર મને હંમેશા પ્રિય રહેવાનું
Dhruti Pittaliya

સુરત ધરા છલકાણી,
કાઠીવાડનો ટુકડો જેમાં સમાણો,
નર્મદ આંગણું ભીંજાણું,
સૂર્યપુત્રી જ્યાંથી કેડો કાઢી ગય,
- જયદીપ કાનાણી

અહા સુરત, માણસો જોને મોજે દરિયા, પૂલ તો જાણે નભ ના પગથીયા,
તાપી રૂપી પહેરી સાડી, હૈયે જોને હીરા મઢિયા.
Thummar Komal

# મારી કલમે
# “સુરત શહેર”

શહેરો ની દુનિયામાં મારું શહેર સુરત
સુરત ની સુરત લાગે મને ખૂબસૂરત
ખાણીપીણી કપડાં ને ચીજો અવનવી
ફેશન ની સાથે સાદગી પણ ખરી
માનપાન અને ઇન્સાનિયત છે અહી મોટી
મારું સુરત છે એક અનોખુ સીટી
Nehas Sorathiya

આપણું સુરત સોનાની મૂરત તો નથી !
પણ, લાખો લોકોને હીરાની પરખ છે.
અને ઘણાં લોકોને કાપડ ક્ષેત્રે રોજગારી પૂરું પાડતું ડાયમંડ સિટી છે.
Rachna kathiriya

છે કરોડોની વસ્તી અહીં તો ચિંતા શાની ?
વહેતી જતી તાપીની ધારા અહીં, તે કેટલાય ઘરની તરસ છીપાવતી...
વાર્તા તો નાના લોકો ની લખી શકાય,
સુરત શહેરનો તો ઇતિહાસ જ લખાય છે...
Ankita Kuchhadiya